# વન વિભાગ અને માલધારીઓના અતૂટ સંબંધોની પ્રતીતિ કરાવતો કાર્યક્રમ સંપન્ન

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી

સમગ્ર દેશ જ્યારે ૭૭મા પ્રજાસત્તાક પર્વના રંગે રંગાયેલો છે, ત્યારે ગીર (પૂર્વ) વન વિભાગ-ધારી દ્વારા રાષ્ટ્રપ્રેમ અને પર્યાવરણ જતનના ઉમદા ઉદ્દેશ્ય સાથે આ પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ધારીના પ્રખ્યાત આંબરડી સફારી પાર્ક ખાતે આયોજિત આ કાર્યક્રમમાં વન વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ અને સ્થાનિક આગેવાનોએ ઉમંગભેર ભાગ લીધો હતો.

આ કાર્યક્રમના મુખ્ય અતિથિ શ્રી વિકાસ યાદવ (IFS), નાયબ વન સંરક્ષકશ્રી, ગીર (પૂર્વ)-ધારીના હસ્તે સવારે ૮:૩૦ કલાકે ધ્વજવંદન કરી તિરંગાને





## ધારી ગીર (પૂર્વ) વન વિભાગ દ્વારા રાષ્ટ્રધ્વજને સલામી અપાઈ

સલામી આપવામાં આવી હતી. શ્રી વિકાસ યાદવે જણાવ્યું કે, "રાષ્ટ્ર સર્વોપરી છે અને જીવમાત્રનું રક્ષણ કરવું એ આપણી પાયાની ફરજ છે." તેમણે વધુમાં ઉમેર્યું કે સમગ્ર ભારતવર્ષમાં એશિયાઈ સિંહોની સૌથી વધુ સંખ્યા અમરેલી જિલ્લામાં છે, જે વન વિભાગની જહેમત અને પ્રજાના સહયોગનું પરિણામ છે.

આ કાર્યક્રમની ખાસિયત એ રહી કે વન વિભાગ અને જંગલના રક્ષક ગણાતા માલધારીઓ વચ્ચેની મિત્રતા જોવા મળી હતી. સ્ટેજ પર શ્રી નાથાભાઈ માલધારીને વિશેષ સ્થાન આપી વન વિભાગે માલધારી સમુદાય પ્રત્યે આદર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે માનદ વાઈલ્ડ લાઈફ વોર્ડન મહાવીર બાપુ, ACF શ્રી પી. એન. ચાંદુ, શ્રી એન. પી. લકુમ તેમજ ગીર (પૂર્વ)ના RFO સહિતના અધિકારીઓ ગણવેશમાં સજ્જ થઈ હાજર રહ્યા હતા. તેમજ શ્રેષ્ઠ કામગીરી કરનાર કર્મચારીઓ, પર્યાવરણ સંરક્ષણ ક્ષેત્રે કાર્યરત સ્વૈચ્છિક સંસ્થાઓ (NGOs) અને ગીર ના સાવજ સમા પત્રકાર અરવિંદભાઈ દવેનું પ્રશંસા પત્ર તથા મોમેન્ટો આપી સન્માનિત કરાયા હતા. અને વિવિધ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિ અને પર્યાવરણના સંદેશા સાથે સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી

આ ઉજવણીમાં સામાજિક આગેવાનો, રહીશો, એનજીઓ અને મોટી સંખ્યામાં શાળા-કોલેજના વિદ્યાર્થીઓએ હાજરી આપી "પર્યાવરણની સુરક્ષા એ જ આપણી જવાબદારી" હોવાનો સંકલ્પ લીધો હતો. આ કાર્યક્રમે રાષ્ટ્રીય એકતા અને વન્યજીવ સંરક્ષણનો પ્રબળ સંદેશ આપ્યો હતો.

# ઈફકોના માધ્યમથી ખેડૂતોના વિવિધ પ્રશ્નો અંગે જે. પી. નડ્ડા સાથે સકારાત્મક ચર્ચા થઈ : દિલીપ સંઘાણી

## ખેડૂત હિતને પ્રાથમિકતા આપતાં જે. પી. નડ્ડાએ તાત્કાલિક નિર્ણય લઈ સંબંધિત વિભાગોને જરૂરી સૂચનાઓ આપી

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:

ઈફકોના માધ્યમથી દેશભરના ખેડૂતો સાથે સંકળાયેલા ખાતરોની ઉપલબ્ધતા, વિતરણ વ્યવસ્થા, ખર્ચ અને વ્યવહારુ સમસ્યાઓ કેન્દ્રીય મંત્રીના ધ્યાનમાં લાવવામાં આવી હતી. આ મુદ્દાઓ પર વિગતવાર સકારાત્મક ચર્ચા થઈ અને ઉકેલલક્ષી અભિગમ સાથે ઝડપી કાર્યવાહી કરવાનો વિશ્વાસ આપવામાં આવ્યો હતો.

આ મુલાકાત દરમિયાન ખેડૂતહિતોને સર્વોપરી રાખતાં જે. પી. નડ્ડાએ ખાતર ક્ષેત્ર સાથે સંકળાયેલા મુદ્દાઓ પર તાત્કાલિક નિર્ણયો લઈને સંબંધિત વિભાગોને સ્પષ્ટ અને અસરકારક સૂચનાઓ આપી હતી. આ



નિર્ણય કેન્દ્ર સરકારની ખેડૂત-સમર્પિત નીતિ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ના "ખેડૂત પ્રથમ" સંકલ્પનું સશક્ત ઉદાહરણ છે તેમ મુલાકાતના અંતે દિલીપ સંઘાણીએ જણાવ્યું હતું.

ખેડૂત કલ્યાણ પ્રત્યે પ્રતિબદ્ધતા દર્શાવતા જે.પી. નડ્ડાની સંવેદનશીલતા, તત્પરતા અને નિર્ણાયક નેતૃત્વ પ્રશંસનીય છે. ભારતીય સહકારિતા આંદોલનની તરફથી ઈફકોના અધ્યક્ષ દિલીપ સંઘાણીએ ખેડૂતોના હિતમાં સતત સહયોગ, સ્પષ્ટ દિશા અને સકારાત્મક પહેલ માટે મંત્રી જે. પી. નડ્ડાનો હાર્દિક આભાર અને કૃતજ્ઞતા વ્યક્ત કર્યો. આ બેઠક માં ઈફકોના એમ.ડી. કે જે પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતાં.

# અમરેલી જિલ્લાના ૬૦૦થી વધારે રાષ્ટીયકૃત બૅંકના કર્મચારીઓ હડતાળમાં જોડાયા

## બૅંકનું કામકાજ તથા ક્લીયરિંગ ઠપ્પ થતાં ગ્રાહકો ભારે પરેશાન

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:

દેશભરની રાષ્ટ્રીયકૃત બૅન્કોના કર્મચારીઓ પાંચ દિવસ બૈંકિંગની માંગણી માટે ગઈકાલે હડતાળ પર રહ્યા હતા. જેનાં અનુસંધાને અમરેલી જિલ્લામાં પણ તમામ રાષ્ટ્રીયકૃત બૅન્કોના ૬૦૦ થી પણ વધુ કર્મચારીઓ પાંચ દિવસ બૈંકિંગની માંગણીને ટેકો આપવાં માટે હડતાળમાં જોડાયા હતા.

બૅંક કર્મચારી યુનિયન અગ્રણીઓના જણાવ્યા અનુસાર બધી જ નાણાકીય સંસ્થાઓ માં ૫ દિવસ બૈંકિંગ અમલમાં છે. પરંતુ બૅન્કોમાં તેનો હજુ સુધી અમલ થયો નથી.માર્ચ ૨૦૨૪ માં ઈંડિયન બૅંક અસોશિએશન અને યુનિયન વચ્ચે ના ૧૨ માં દ્વિપક્ષીય કરાર દરમ્યાન તમામ શનિવારો રજા જાહેર કરવા પર સહમતી બની હતી, પરંતુ કરાર છતાં હજુ સુધી તેની સરકારી અધિસુચના બહાર



પાડવામાં આવી નથી.

૫ દિવસ બૈંકિંગ માટે યુનિયનોની દલીલ છે કે અમે એક સંતુલિત કાર્યપ્રણાલી માંગી રહ્યા છીએ, જેના બદલામાં દરરોજ ૪૦ મિનટ વધારનું કામ કરવા પણ તૈયાર છીએ. હાલમાં મહિનામાં બીજા તથા ચોથા શનિવારે જ બૅંક બંધ રહે છે, યુનિયન એવું ઈચ્છે છે કે સરકાર ૧૨ માં દ્વિપક્ષીય કરાર મુજબ બધા શનિવાર રજા ની અધિસુચના તરત જ બહાર પાડે.

UFBU ના નેજા હેઠળ અમરેલી ખાતે જીૈં ની નાગનાથ ચૌક શાખાના કમ્પાઉન્ડમાં તમામ રાષ્ટ્રીયકૃત બૅંકના કર્મચારીઓ દ્વારા નારા લગાવીને મેનેજમેન્ટ વિરોધ વ્યક્ત કર્યો હતો. જેમાં બૅંક કર્મચારી આગેવાનો પ્રશાંતભાઈ ઠૂમ્મર (SBI), ધવલભાઈ ઉનડકટ (SBI), જયરાજભાઈ ખુમાણ (BOI), રાહુલભાઈ ત્રિવેદી (BOB) સહિતના કર્મચારી આગેવાનોના જોડાયા હતાં.

ગઈકાલે અમરેલી શહેર સહિત જિલ્લાભરની સરકારી બૅન્કોના ૬૦૦ થી વધારે કર્મચારીઓ હડતાળ પર ઉતર્યા હતા. જેના કારણે કરોડો રૂપિયાના રોકડ વહીવટ તથા ક્લીયરિંગ ઠપ્પ થઈ ગયું હતું. જેને લઈ ગ્રાહકોને ભારે પરેશાનીનો સામનો કરવો પડ્યો હતો.

# ઘરના બાળકો માટે બનાવેલી ચોકલેટથી શરૂ થયેલી ગૃહઉદ્યોગ સુધીની સફર

## લુણીધાર ગામનાં રૂપાબેન દેવમુરારી બન્યાં આત્મનિર્ભર મહિલાની પ્રેરણા

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:

અમરેલી જિલ્લાના કુંકાવાવ તાલુકાના લુણીધાર ગામની રૂપાબેન દેવમુરારી આજે ગૃહઉદ્યોગ દ્વારા હજારો રૂપિયાની આવક મેળવી રહી છે. તેમણે પોતાના ઘરમાંથી શરૂ કરેલો નાનો પ્રયાસ આજે સફળ વ્યવસાયમાં ફેરવ્યો છે, જે અનેક મહિલાઓ માટે પ્રેરણારૂપ બની રહ્યો છે. ચોકલેટ, ખજૂર પાક, ખજૂર લાડવી અને અથાણાં જેવા સ્વાદિષ્ટ અને પૌષ્ટિક ઉત્પાદનો બનાવી તેઓ આજુ બાજુના ગામોમાં ઓળખ મેળવી ચૂકયા છે.

રૂપાબેન દેવમુરારીનું શિક્ષણ ધોરણ ૧૨ સુધીનું છે. તેઓ હાલ પોતાના પરિવાર સાથે અમરેલી નજીક આવેલ લુણીધાર ગામમાં રહે છે. અને પોતાનો ગૃહઉદ્યોગ ચલાવી રહયા છે. તેમના વ્યવસાયની શરૂઆત એક ખૂબ જ સરળ કારણથી થઈ હતી. ઘરના બાળકોને ચોકલેટ પ્રત્યે વધારે





લગાવ હતો અને બજારમાં મળતી ચોકલેટ આરોગ્ય માટે હાનિકારક હોવાનું તેમને લાગતું હતું. તેથી તેમણે ઘરે જ દાળિયા અને ખજૂરનું મિશ્રણ કરીને પૌષ્ટિક ચોકલેટ બનાવવાની શરૂઆત કરી. અને આ ચોકલેટ સ્વાદિષ્ટ હોવાની સાથે પ્રોટીનથી ભરપૂર હોવાથી બાળકોના સ્વાસ્થ્ય માટે પણ લાભદાયી સાબિત થઈ હતી.

શરૂઆતમાં આ ચોકલેટ માત્ર પોતાના ઘરનાં બાળકો માટે બનાવાતી હતી. પરંતુ ધીમે ધીમે પાડોશીઓ અને સગાં-સંબંધીઓએ તેનો સ્વાદ ચાખ્યો હતો. અને તેમને પણ આવી ચોકલેટ બનાવવાની વિનંતી કરવા લાગ્યા. લોકોના સકારાત્મક પ્રતિસાદ અને વધતી માંગ જોઈને રૂપાબેને આ કાર્યને વ્યવસાય રૂપે આગળ વધારવાનો નિર્ણય કર્યો.આજે તેમની ચોકલેટની માંગ એટલી વધી ગઈ છે કે તેઓ નિયમિત ઓર્ડર પ્રમાણે ઉત્પાદન કરે છે.

ચોકલેટ ઉપરાંત રૂપાબેન ખજૂર પાક અને અથાણાં પણ બનાવે છે. શરૂઆતમાં તેઓ ઘર માટે ખજૂર પાક અને અથાણાં બનાવતા હતા, જેને લોકો ટેસ્ટ માટે ખાતા હતા. સ્વાદ અને ગુણવત્તા પસંદ આવતા જ લોકોએ ખરીદવાની માંગ શરૂ કરી અને ધીમે ધીમે આ પણ તેમના ગૃહઉદ્યોગનો એક મહત્વનો ભાગ બની ગયો. આજે તેમના બનાવેલા ખજૂર પાક અને અથાણાંની પણ સારી માંગ છે.

ભાવની વાત કરીએ તો રૂપાબેન ખજૂર લાડવી ૧ કિલોનો ભાવ ૮૦૦ રૂપિયા રાખેલ છે, જ્યારે ચોકલેટ ૧ કિલોનો ભાવ ૬૦૦ રૂપિયા છે. દર મહિને તેઓ લગભગ ૧૫ થી ૨૫ કિલો જેટલું ઉત્પાદન કરી અને વેચે છે. આ વેચાણમાંથી તેમને સરેરાશ ૨૫ હજાર રૂપિયા સુધીની માસિક આવક થાય છે. એક ગૃહિણી માટે આ આવક પરિવારના ખર્ચમાં મોટો સહારો પુરો પાડે છે.

રૂપાબેન દેવમુરારી કહે છે કે જો મનમાં દૃઢ સંકલ્પ હોય અને મહેનત કરવાની તૈયારી હોય, તો નાનો પ્રયાસ પણ મોટું સ્વરૂપ લઈ શકે છે. આજે તેઓ પોતાના પગ પર ઊભી રહી આત્મનિર્ભર બન્યા છે. અને અન્ય મહિલાઓને પણ ગૃહઉદ્યોગ શરૂ કરવા માટે પ્રોત્સાહન આપે છે. તેમની સફળતા એ સાબિત કરે છે કે, ઘરથી શરૂ થયેલો નાનો વ્યવસાય પણ યોગ્ય આયોજન અને ગુણવત્તાથી આગળ વધે તો હજારો રૂપિયાની આવકનું સાધન બની શકે છે.

લુણીધાર ગામના રૂપાબેન દેવમુરારીની આ સફળતા માત્ર એક મહિલાની નથી, પરંતુ તે તમામ મહિલાઓ માટે પ્રેરણારૂપ છે, જે પોતાના સપનાઓને સાકાર કરવા ઈચ્છે છે અને આત્મનિર્ભર બનવા માટે પ્રયત્નશીલ છે.

# બાગાયતી ખેતીના વિસ્તરણથી જિલ્લાના કૃષિ વિકાસને નવી દિશા

## અમરેલી જિલ્લામાં ૬૬,૯૫૭ હેક્ટરમાં બાગાયતી પાકોનું વાવેતર, ૨૦૨૫-૨૬માં અમરેલી જિલ્લાના ૧૦,૦૦૦ લાભાર્થીઓને બાગાયતી યોજનાઓમાં ૧૯૭૪.૧૪ લાખની સહાયતા મળી

અમરેલી:અમરેલી જિલ્લાના ખેડૂતો આજે બાગાયત ક્ષેત્રે નવી ઊંચાઈઓ સર કરી રહ્યા છે. ખેડૂતોની અવિરત મહેનત તથા રાજ્ય સરકારની ખેડૂતલક્ષી યોજનાઓના અસરકારક અમલના પરિણામે જિલ્લામાં બાગાયતી ખેતીને પૂરતું પોષણ મળી રહ્યું છે. બાગાયત ક્ષેત્રે થયેલી નોંધપાત્ર પ્રગતિ જિલ્લાના કૃષિ વિકાસનું ઉજળું ચિત્ર રજૂ કરે છે.

અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૨૪-૨૫માં ૬૬,૯૫૭ હેક્ટર વિસ્તારમાં બગાયતી ખેતીનું વિસ્તરણ થયું છે. જે ગત વર્ષે ૬૬,૧૭૭ હેક્ટર હતું. આમ, જિલ્લામાં ૭૮૦ હેક્ટર વિસ્તારમાં બાગાયતી ખેતીનો વ્યાપ વધ્યો છે.





રાજ્ય સરકારની સહાયથી ખેડૂતોને પ્રોત્સાહિત કરી જિલ્લામાં નવિન પાક તરકી ટીસ્યુ કલ્ચર ખારેકનું વાવેતરણ થઈ રહ્યું છે.

અમરેલી જિલ્લાના ખેડૂતો પ્રાકૃતિક કૃષિ તરફ વધુ પ્રમાણમાં વળે તે માટે બાગાયત વિભાગ દ્વારા ખેડૂત તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. સાથે સાથે ખેડૂતોને FPO અને FPC રચના માટે પ્રોત્સાહિત કરીને પોતાનું બાગાયતી ઉત્પાદન સીધું જ ગ્રાહકો સુધી પહોંચાડી ઉત્તમ બજારભાવ મેળવવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું છે, જેના પરિણામે ખેડૂતની આવકમાં વધારો નોંધાયો છે.

અમરેલી જિલ્લામાં નવીન અભિગમ તરીકે બાગાયત વિભાગ દ્વારા ટીસ્યુકલ્ચર ખારેકના વાવેતરને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે અને ખારેકને નવા પાક તરીકે સફળતાપૂર્વક પ્રસ્થાપિત કરવામાં આવ્યો છે. સાથે સાથે મધમાખી પાલનની પ્રવૃત્તિને પ્રોત્સાહિત કરીને ખેડૂતોને મધ ઉત્પાદન તરફ વાળવાના પ્રયાસો કરવામાં આવ્યા છે. ઉપરાંત જિલ્લામાં ડ્રેગનફ્રૂટ અને અંજીર જેવા નવા પાકોના વાવેતરનો નવીન અભિગમ પ્રગતિશીલ ખેડૂતો દ્વારા અપનાવવામાં આવ્યો છે.

નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરીના અહેવાલ મુજબ અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૨૫–૨૬ દરમિયાન ડિસેમ્બર અંત સુધીમાં અમરેલી જિલ્લામાં વિવિધ બાગાયતી યોજનાઓ હેઠળ કુલ ૧૦,૦૦૦ લાભાર્થીઓને રૂ. ૧,૯૭૪.૧૪ લાખની સહાય ચુકવવામાં આવી છે, જે જિલ્લામાં બાગાયત ક્ષેત્રની સતત પ્રગતિ અને સરકારશ્રીની ખેડૂતલક્ષી નીતિઓનું સશક્ત ઉદાહરણ છે.

જિલ્લામાં ગ્રીન હાઉસ અને નેટહાઉસ થકી ખીરા કાકડીનો પાક લેવામાં આવે છે, જેના થકી ખેડૂતોને સારો બજાર ભાવ મળી રહે છે. અમરેલી જિલ્લામાં કોલ્ડ સ્ટોરેજની સ્થાપના થકી ખેડૂતોને ડુંગળી તેમજ લસણ અન્ય મરી મસાલાના પાકના પ્રોસેસિંગ થકી વિદેશમાં નિકાસ કરવાની ઉજળી તક પ્રાપ્ત થઈ છે.

# ઉનાના ગાંગડા ગામે ગરવી પટેલ સમાજના સમૂહ લગ્ન

## ૭ ગામના ૧૧ યુગલોએ પ્રભુતામાં પગલાં માંડ્યા

કૈલૈશ ભટ્ટ ઉના:

ઉના તાલુકાના ગાંગડા ગામે ગરવી પટેલ સમાજના પ્રથમ સમૂહ લગ્ન



યોજાયા હતા. આ પ્રસંગે ૧૧ નવદંપતીઓએ પ્રભુતામાં પગલાં માંડ્યા હતા. સમાજના આગેવાનો અને સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ સમૂહ લગ્નનું આયોજન સમાજના આગેવાનો દ્વારા પ્રથમ વખત કરવામાં આવ્યું હતું. ઉના તાલુકાના સનખડા, ગાંગડા, ખત્રીવાડા, પશવળા, સામતેર, સોંદરડી અને નાના સમઢિયાળા સહિત સાત ગામોમાં ગરવી સમાજની આશરે ૫ હજારની વસ્તી વસવાટ કરે છે. સામાન્ય રીતે દર વર્ષે ગામડે ગામડે સમૂહ લગ્ન થતા હોય છે, પરંતુ આ વર્ષે સાત ગામના લોકોએ એકસાથે સમૂહ લગ્ન કરવાનું નક્કી કર્યું હતું. આ પ્રથમ સમૂહ લગ્ન માટે સમાજ તરફથી આર્થિક યોગદાન પણ એકત્ર કરવામાં આવ્યું હતું, જેમાં સમાજના સભ્યોએ ઉમળકાભેર સહયોગ આપ્યો હતો. સમાજના યુવાનોએ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સઘન જહેમત ઉઠાવી હતી. આગેવાનોએ સમાજના વિકાસ પર ભાર મૂક્યો હતો અને આહવાન કર્યું હતું કે સમાજનો દરેક યુવાન શિક્ષિત બને. વસ્તીની દૃષ્ટિએ નાનો ગરવી પટેલ સમાજ વિચારની દૃષ્ટિએ વિરાટ હોવાનું આ પ્રસંગે જોવા મળ્યું હતું.

# પાટી માણસાની પ્રા. શાળામાં ૮ ફૂટ લાંબો અજગર આવ્યો

અમરેલી:જાફરાબાદ તાલુકાના પાટી માણસા ગામે આવેલી પ્રાથમિક શાળામાં આજે અચાનક ક્યાંકથી એક અજગર આવી ચડતા તેને સલામત સ્થળે ખસેડાયો હતો. ઘટનાને પગલે વાલી વર્ગમાં ફફડાટ છે.પાટી માણસાની આ પ્રાથમિક શાળામાં ૧૩૦ છાત્રો અભ્યાસ કરે છે. જો કે આજે શાળાના કોઈ હાજર ન હતું. તેવા સમયે એક અજગર અચાનક શાળા પરિષરમાં ચડી આવ્યો હતો. આશરે ૮ ફૂટની લંબાઈનો આ અજગર બાજુમાં ઝાડી-ઝાંખરા વિસ્તારમાંથી અહીં આવ્યો હતો. લોકોને જાણ થતા અહીં પ્રાથમિક શાળાના પટ્ટાંગણમાં દોડી આવ્યા હતા. આ અંગે વન વિભાગને પણ જાણ કરાય હતી અને આ અજગરને સલામત સ્થળે ખસેડવામાં આવ્યો હતો.અહીં દરરોજ માસુમ ભૂલકાઓ અભ્યાસ કરવા માટે આવે છે અને બાજુમાં જ ઝાડી-ઝાંખરા અને ગટરની ગંદકી છે. આ ઘટનાથી વાલી વર્ગમાં ફફડાટ છે.

# વરરાજા માત્ર બે ફેરા ફર્યા બાદ બઘડાટી બોલતા જાન લીલા તોરણે પાછી ફરી!

અમરેલી:ધારીના ખીસરીમાં દેવીપૂજક પરિવારમાં લગ્ન પ્રસંગના જમણવારમાં રોટલી પીરસવાના મુદ્દે બોલાચાલી થતા જાનૈયા અને માંડવીયા પરિવારો એક બીજા પર હાથ પડ્યું હથિયાર લઈ તુટી પડ્યા હતા. પથ્થરમારો પણ થયો હતો. આ ઘટનામાં ૧૫ વ્યક્તિને ઈજા પહોંચી હતી. બે વ્યક્તિ પર બોલેરો ગાડી ચડાવી દેવાતા ગંભીર ઈજા થઈ હતી. ઘટનાને પગલે માત્ર બે ફેરા ફર્યા બાદ લગ્ન અટકાવી દેવાયા હતા અને જાન લીલા તોરણે પાછી ફરી હતી. લગ્ન પ્રસંગમાં મારામારીની આ ઘટના ધારી તાલુકાના ખીસરી ગામે બપોરે બે કલાકે બની હતી.અમરેલીના દેવળીયા ગામના મનિષભાઈ વાઘેલાના પુત્ર મંગળુના લગ્ન ખીસરીના બાબુભાઈ દામાભાઈ ચારોલીયાની પુત્રી સોનલ સાથે નક્કી થયા હોય ૨૬મી તારીખે દેવળીયાથી જાન પરણવા માટે ખીસરી પહોંચી હતી. એક તરફ લગ્નના ફેરા ચાલતા હતા અને બીજી તરફ જમણવાર ચાલતો હતો. ત્યારે દિનેશ વાઘેલા નામનો યુવાન કાઉન્ટર પર રોટલી લેવા ગયો હતો. જ્યા તેણે બે રોટલી માંગતા પીરસનારે માત્ર એક જ રોટલી આપી તેની સાથે માથાકૂટ કરી હતી. જોત જોતામાં આ માથાકુટ મારામારીમાં પરિણમી હતી. બંને પક્ષના લોકો એક બીજા પર લાકડી લઈ તુટી પડ્યા હતા.

એક બીજા પર છુટા પથ્થરોના ઘા થવા લાગ્યા હતા. જેના કારણે અનેક લોકો લોહી લુહાણ થઈ ગયા હતા. ઉભી બજારે મારામારી થતા ગામ લોકોએ ઘટનાના વિડીયો પણ ઉતાર્યા હતા. આ દરમિયાન એક શખ્સે પુર ઝડપે બોલેરો ચલાવી બે વ્યક્તિ પર ચડાવી દેતા ગંભીર ઈજા પહોંચી હતી. લાકડીના ઘા મારી બોલેરો સહિત બે કાર અને બે બાઈકમાં તોડફોડ કરાય હતી. ૧૫ લોકો ઘાયલ થઈ જતા તેમને સારવાર માટે ધારી દવાખાને ખસેડાયા હતા.બીજી તરફ વરરાજા માત્ર બે ફેરા ફર્યા હતા. તે સમયે જ બઘડાટી બોલતા લગ્ન અટકાવી દેવાયા હતા અને જાન લીલા તોરણે પાછી ફરી હતી. બનાવ અંગે વર પક્ષના વિનુભાઈ ભગવાનભાઈ વાઘેલાએ યુવતિના કાકા વિપુલ દામા ચારોલીયા સહિત પાંચ સામે ફરિયાદ નોંધાવી છે. જ્યારે સામા પક્ષે કન્યા પક્ષના બાબુભાઈ દામાભાઈ ચારોલીયાએ દિનેશ વિનુ વાઘેલા સહિત પાંચ સામે ધારી પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.



લાકડીઓ વડે હુમલો થતા એક બોલેરો અને અન્ય કારના કાચ ફોડવામાં આવ્યા હતા. આ ઉપરાંત બે મોટર સાયકલમાં પણ તોડફોડ કરવામાં આવી હતી. સમગ્ર ઘટનાના ગામ લોકોએ તો મોબાઈલમાં વીડિયો ઉતાર્યા હતા. સાથે સાથે પોલીસના પ્રયાસથી આઠ દિવસ પહેલા જ ગામમાં સીસીટીવી કેમેરા લગાવાયા હતા. તેના ફૂટેજ પણ પોલીસને મળ્યા છે. માત્ર બે ફેરા ફર્યા બાદ લગ્ન વિધી અટકાવી દેવાઈ હતી. જેથી લગ્ન મંડપમાં જ વર અને કન્યા બંને રડી પડ્યા હતા. બાદમાં લગ્ન વિધી આગળ ધપાવાઈ ન હતી.

સરસીયાનો પરેશ ભનુભાઈ માથાસુરીયા પણ લગ્ન પ્રસંગમાં આવ્યો હતો. તેની કારમાં તોડફોડ થયા બાદ તે મોટરસાયકલ પર અલટ્રો ચડાવી ઘટના સ્થળેથી નાસ્યો હતો. જો કે પોલીસે તેને જીરા ગામે રસ્તામાં આંતરી ઝડપી લીધો હતો.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Narayan Arcde, Nr.Old Bus Stand, Amreli. Res.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT)